૭૦૨/૧,૩૪૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વચનામૃતની વિલક્ષણ વિશેષતાઓ
(૧) ☐ દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી (૨) ☐ પ્રશ્નોત્તર શૈલી
(૩) ☐ શ્રીજીમહારાજ દ્વારા સ્વલિખિત ગ્રંથ (૪) ☐ સરળ ગુજરાતી ગદ્ય શૈલી

૨. 'સ્વામીની વાતો'ના સંપાદકો
(૧) ☐ હરિશંકરભાઈ (૨) ☐ સદાશંકરભાઈ
(૩) ☐ ભગતજી મહારાજ (૪) ☐ સદ્ગુરુ યોગેશ્વરદાસ

૩. સાધનામાં સત્પુરુષનું પ્રાધાન્ય
(૧) ☐ સંત થકી સર્વે ઐશ્વર્યની સિદ્ધિ (૨) ☐ સંત થકી સર્વે સમજણ આવે
(૩) ☐ સંત થકી સ્વભાવ ટળે (૪) ☐ સંત થકી કાર્ય જલદી સિદ્ધ થાય

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. 'સેવા'ની મૌલિક વ્યાખ્યા કરતાં સ્વામી શું કહે છે ?
૨. 'કૂવામાં રાઈના ....... કરવું છે' - વાત પૂરી કરો.
૩. 'નિત્ય લાખ રૂપિયા ..... મને ન ગમે' - વાત પૂરી કરો.
૪. પ્રશ્નોનું સમાધાન ક્યારે થતું જશે ?
૫. વાતોનો અદ્‌ભુત મહિમા સમજાવતાં સ્વામીએ પ્રકરણ ૧/૧૩૧માં શું કહ્યું છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** મ. ૩૫ - 'આ મારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.'
**ઉત્તર :-** શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ - વિચારશીલતા

૧. મેડે મંડળી ભેગી થઈને મલકની નિંદા કરે છે. તે જો કરશે તો કાઢી મૂકશું.
૨. તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?
૩. विद्यानाम् अध्यात्मविद्या ।
૪. 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.'
૫. કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારાં ઘણાં, તેને ઓળખી રાખવાં.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** વચનામૃતની પ્રમાણભૂતતાના અન્ય પુરાવાઓ
**ઉત્તર :-** ૧. અદ્વિતીય શ્રોતાગણ ૨. પ્રમાણિક સંપાદકવૃંદ ૩. ઐતિહાસિક પ્રમાણભૂતતા

૧. 'સ્વામીની વાતો'માં શ્રીજીમહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા ૨. બ્રાહ્મીસ્થિતિના ઘડવૈયા

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજની નિર્વાસનિકતા-નિર્દોષતા **અથવા**
૨. વચનામૃત : સમન્વયાત્મક તત્ત્વજ્ઞાન
૩. ગુણાતીતાનંદ સ્વામી : પંચવર્તમાનની દૃઢતા **અથવા**
૪. અન્ય વાતો કરતાં સ્વામીની વાતોની વિલક્ષણતા - વિષયવસ્તુની દૃષ્ટિએ

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજ : આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર
૨. સ્વામીની વાતોમાં શાશ્વત સુખ-શાંતિનો ઉપાય

(પાછળ જુઓ)

- - - - ✂ - - - - - - - - - - - - ✂ - - - - - - - - - - - ✂ - - - - - - - - - -

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ - ૧ના આધારે

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ઉપાસના પ્રવર્તનમાં શાસ્ત્રીજી મહારાજનું અમોઘ શસ્ત્ર : કથાવાર્તા
૨. શાસ્ત્રીજી મહારાજના પ્રસંગમાં આવનાર વિરોધીઓ પર તેમનો પ્રભાવ
૩. ભગતજીના 'કોડિલા લાલ' : શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. જૂનાગઢમાં ગુરુ ભગતજી મહારાજના ભવ્ય સન્માન માટેનું પૂર્વાયોજન
૨. વિદ્વત્તામાં અજોડ યજ્ઞપુરુષદાસ
૩. ડુંગર ભક્ત સુરતમાં

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. સ્વામીશ્રીએ માયાને છેડી
૨. સ્વામીશ્રી પાછળનું સંઘબળ
૩. ઈન્દ્રને ના પાડીશું
૪. ભગવાનના દૃઢ આશ્રય માટે બ્રહ્મચર્યની જરૂર
૫. 'ધર્મ-નિયમ રાખશો તો તમારી ભેળા ભગવાન ભળશે.'

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. દલસુખરામ પંડ્યા
૨. સ્વામી બાલમુકુંદદાસ

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ફૂલવાદી હોય તે કેવા હોય ?
૨. સત્સંગ જાળવવો કઠણ છે તે કોણ જાળવી શકે ?
૩. કઈ ગ્રંથિઓ નાશ પામે તો નિરંતર ભગવાનમાં રહેવાય ?
૪. ગોરધનભાઈ - પર્વતભાઈ જેવા સત્સંગી કેમ થવાય ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>બે</u>ના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. કલ્યાણના અનંત પ્રકાર સમજાવો.
૨. સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારાનું શું થશે ?
૩. જ્યારે બ્રહ્માનંદ સ્વામીએ પર્વતભાઈ આદિ જેવા સત્સંગી થવા માટે કૃપા માંગી ત્યારે મહારાજે શું કહ્યું ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ <u>બે</u>ના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. હેમગોપાળની ઝાડી
૨. સો કરોડ રાખનાં પડીકાં દૃષ્ટાંતે મહારાજની મૂર્તિનું સુખ
૩. સ્વરૂપાનંદ સ્વામીને તો દર્શને કરીને કલ્યાણ થાય.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. મૂળજી બ્રહ્મચારીએ વિમુખ થયા પછી પણ મહારાજની આજ્ઞા ગળ્યું ચીકણું ખાવું નહિ અને જોડા પહેરવા નહિ તે શિરસાટે મૂકી નહિ.
૨. ગ. મ. ૯ પ્રમાણે 'ભગવદ્સ્વરૂપની નિષ્ઠા પાકી નહી હોય તો જ્યારે દેહ મૂકશે ત્યારે બ્રહ્માના લોકમાં જશે અને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ પુરુષોત્તમ ભગવાનના ધામને વિશે તો નહીં જ જાય.
૩. હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસે વરતાલમાં ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું 'મારું કલ્યાણ થશે કે નહીં ?'
૪. લાખોપતિનો દીકરો હોય કે વડાપ્રધાનનો દીકરો હોય પણ ડૉક્ટર થવા મૅડિકલ સ્કૂલમાં ઍડમિશન લેવું જ પડે.

* * *

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**